**પ્રશ્ન : મુખ્ય સેવિકાની તાલુકા વાઈઝ ભાવનગર જીલ્લામાં કેટલી ખાલી અને ભરેલ જગ્યાઓ છે. ?**

**જવાબ:–** ભાવનગર જીલ્લામાં કુલ– ૭૪ જગ્યાઓ છે જે પૈકી ૬૮ ભરેલી છે.

| **તાલુકાનું નામ** | **મંજુર જગ્યાઓ** | **ભરેલ** | **તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતિએ ખાલી જગ્યાઓ** | **તા.૦૬.૦૯.૨૦૨૩ની સ્થિતીએ** |
|---|---|---|---|---|
| આઇ.સી.ડીએસ.શાખા, જિ.પં.ભાવનગર | ૩ | ૨ | ૧ | ૧ |
| ભાવનગર(ગ્રામ્ય) | ૬ | ૬ | ૦ | ૦ |
| ઘોઘા | ૪ | ૩ | ૧ | ૧ |
| તળાજા–૧ | ૬ | ૬ | ૦ | ૦ |
| તળાજા–૨ | ૬ | ૫ | ૦ | ૧ |
| મહુવા–૧ | ૫ | ૫ | ૦ | ૦ |
| મહુવા–૨ | ૪ | ૪ | ૦ | ૦ |
| મહુવા–૩ | ૩ | ૨ | ૧ | ૧ |
| ગારીયાધાર | ૪ | ૩ | ૦ | ૧ |
| શિહોર | ૬ | ૬ | ૦ | ૦ |
| પાલીતાણા–૧ | ૫ | ૫ | ૦ | ૦ |
| પાલીતાણા–૨ | ૪ | ૪ | ૦ | ૦ |
| વલ્લભીપુર | ૩ | ૨ | ૦ | ૧ |
| ઉમરાળા | ૪ | ૪ | ૦ | ૦ |
| જેસર | ૪ | ૪ | ૦ | ૦ |
| ભાવનગર મહાનગરપાલીકા | ૭ | ૭ | ૦ | ૦ |
| કુલ | ૭૪ | ૬૮ | ૩ | ૬ |

**નોંધ :–**

તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતિએ મુખ્ય સેવિકાની મંજુર જગ્યા ૭૪ છે. જે પૈકી ૬૮ ભરાયેલ અને ૩ ખાલી છે.

ત્યારબાદ સરકારશ્રી દ્વારા ઓનલાઈન પ્રક્રિયાથી આંતર જીલ્લાફેર બદલીના નિયમો હેઠળ કર્મચારીઓના માંગણી મુજબના જીલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીથી અન્ય જીલ્લામાં નિમણુંક થતાં ભાવનગર જીલ્લામાં વધુ ૩ મુખ્ય સેવિકાની જગ્યા ખાલી થયેલ છે.

આમ હાલની સ્થિતીએ કુલ ૬ જગ્યાઓ ખાલી છે.

**પ્રશ્ન: ભાવનગર જીલ્લાની મુખ્ય સેવિકાનની ખાલી જગ્યાઓ કઇ રીતે ભરવામાં આવશે ?**

---

**જવાબ :–**

ભાવનગર જીલ્લાની ખાલી રહેલ કુલ ૦૬ જગ્યાઓ પૈકી સીધી ભરતીની ૦૩ જગ્યાઓ હાલ જીલ્લા ફેરબદલી થતા ખાલી પડેલ છે. જે જીલ્લા ફેરબદલીથી / સરકારશ્રી દ્ધારા ભરતીની જાહેરાત બહાર પડ્યેથી માંગણપત્રક મોકલી જગ્યા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ અન્ય ૦૩ બઢતીની જગ્યાઓ પર આંગણવાડી કાર્યકરમાંથી મુખ્ય સેવિકા સંવર્ગમાં સીધી પસંદગીથી નિમણૂંક આપવા અંગેની કાર્યગાહી હાથ શરૂ છે.

**પ્રશ્ન : મુખ્ય સેવિકાની ભરતી તથા નિમણુંક કઇ રીતે કરવામાં આવે છે ?**

---

**જવાબ :**

સરકારશ્રી દ્વારા સીધી ભરતી તથા બઢતીથી મુખ્ય સેવિકાની ભરતી પંચાયત ગ્રામ ગ્રુહ નિર્માણ અને ગ્રામ વિકાસ,ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૧૪થી ભરતી નિયમો નક્કી કરવામાં આવેલ છે.

૧) <u>સીધી ભરતી</u>–

સીધી ભરતી પ્રકિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે.તેની શૈક્ષણિક લાયકાત બેચરલ કે માસ્ટર ડિગ્રી ઇન હોમ સાયન્સ સોસ્યોલોજી કે ચાઇડ ડેવલપમેન્ટ કે સોસ્યલ વર્ક છે.અને વયમર્યાદા ૧૮ થી ૩૭થી વધુ નહી તે નક્કી થયેલ છે.હિન્દી તથા ગુજરાતી ભાષાની જાણકારી તથા કોમ્યુટર બેઝિક નોલેજનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.આ ભરતી પ્રક્રિયામાં જિલ્લા પાસેથી ખાલી રહેલ જગ્યાઓની માહિતી મેળવી માંગણા પત્રક તૈયાર સરકાર કક્ષાએ મોકલીને પંચાયત વિભાગ દ્વારા સ્થાયી સમિતિ પાસેથી મંજુરી મેળવીને પંચાયત વિભાગ દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે.તદ અનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પરીક્ષાના પરીણામના આધારે ઉમેદવારોની પસંદગીના આધારે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવે છે.

૨)નામનિયુક્તિથી

આંગણવાડી કાર્યકરને ૧૦ વર્ષનો આંગણવાડી કાર્યકર તરીકે અનુભવ હોય તેને નામનિયુક્તિથી થી મુખ્ય સેવિકાની નિમણુંક આપવામાં આવે છે.શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ કે ધોરણ –૧૨ પાસ છે.૧૦ વર્ષનો આંગણવાડી કાર્યકર તરીકે અનુભવ તથા વર્ય મર્યાદા ૪૫ થી વધુ ન હોવી જોઇએ તથા હિન્દી તથા ગુજરાતી ભાષાની જાણકારી તથા કોમ્યુટર બેઝિક નોલેજનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ની કામગીરી શું છે ?**

---

**જવાબ :**

કુપોષિત બાળકોની ઓળખ કરીને ગૃહ મુલાકાત કરવામાં આવે છે અને વધુ નબળા બાળકોને CMTC/NRC ખાતે રીફર કરવામાં આવે છે. આરોગ્ય શાખા સાથે સંકલનમાં રહીને જોખમી માતાઓની ઓળખ કરીને તેમને સંપૂર્ણ આહાર વિષે અને આઈ.સી.ડી.એસ. તરફથી આપવામાં આવતા પુરક આહાર વિષે સમજ આપવામાં આવે છે.કિશોરીને આઈ.એફ. એ.ગોળીનું સેવન સમયસર કરવામાં આવે.તેમજ ભવિષ્યમાં કિશોરી અનેમિક ના બને તે અંગે કિશોરીની અને પૂર્ણા દિવસની ઉજવણી દરેક આંગણવાડી કેન્દ્ર પર કરવામાં આવે છે.

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે ?**

---

**જવાબ :**

અપૂરતા પોષણથી પીડાતા અને માંદા બાળકોની સમયસર ઓળખ થવાથી તેમજ બાળકોની સાચી ઉંમર જાણકારી સમયસર મળી રહે છે.જેથી સામાન્ય રોગો માટે દવા આપવામાં અને જોખમી બાળકોને ઓળખીને આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા માટે મદદરૂપ થાય છે.સગર્ભા અને ધાત્રી માતાઓને પુરક પોષણ તેમજ તેની સાચી સમજ મુખ્ય સેવિકા દ્વારા મળે છે.

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ની બઢતી માટે ખાતાકીય પરીક્ષા કોણ કોણ આપી શકે છે? તેની બીજી શી શી જોગવાઇ છે?**

---

**જવાબ :**

મુખ્ય સેવિકાને બઢતી માટે ખાતાકીય પરીક્ષા  આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,ગાંધીનગરના જાહેરનામા તા.૧૪/૦૧/ ૧૯૯૩થી નિયત કરવામાં આવેલ છે. તેને  પરીક્ષા પાસ થયેથી વર્ગ –૨માં બાળ વિકાસ યોજના અધિકારી તરીકે બઢતી આપવામાં આવે છે.